**વરસાદ ના પડતા જળાશયોમાં પાણીની નવી આવક નહિવત**

## દાહોદના પાટા ડુંગરી જળાશયમાં માત્ર ચાર માસ ચાલે એટલો ૩૯.૨૬% જ પાણીનો જથ્થો

**વરસાદ** જો વધુ ખેંચાય તો ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થાય તેમા નવાઇ નહિ

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

દાહોદ શહેરની જીવાદોરી સમાન પાટા ડુંગરી જળાશયમાં માત્ર ચાર માસ ચાલે એટલો ૩૯.૨૬% જ પાણીનો જથ્થો, આગામી દિવસોમાં દાહોદ શહેરમાં પાણીની ગંભીર સમસ્યા ઊભી થાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. દાહોદ જિલ્લામાં ચોમાસાનો આરંભ થઈ ચૂક્યો છે. પરંતુ હજુ સુધી કોઈ મોટો વરસાદ ન પડતા જળાશયોમાં પાણીની નવી આવક નહિવત છે. આકાશમાં વાદળોની ફોજ ગોરંભાય છે. પરંતુ મેઘરાજા વરસવાનું નામ લેતા નથી. દાહોદ શહેરની જીવાદોરી સમાન પાટા ડુંગરી જળાશયમાં હાલ માત્ર ૩૯.૨૬% પાણી બચ્યું છે. જો વરસાદ હજુ પણ લાંબો સમય હાથ તાળી આપશે તો આગામી દિવસોમાં દાહોદ શહેરમાં પાણીની ગંભીર સમસ્યા ઊભી થાય તો ચિંતાજનક પરિસ્થિતિ જોવા મળી શકે તેમ છે. હાલમાં દાહોદ નગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો ને રોજ નહીં પરંતુ દર ચોથા દિવસે નળ માટે પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઑડેમની કુલ જળ સંગ્રહ ક્ષમતા ૧૪૫૦ સ્વઝર છે. હાલની સ્થિતિએ ડેમમાં કુલ ગ્રોસ સ્ટોરેજ ૧૪.૭૦ સ્વઝર છે. જેમાંથી વાપરી શકાય તેવો લાઈવ જથ્થો ૧૩.૬૭ સ્ઝ જેટલો જ છે. આ લાઈવ જથ્થામાંથી દાહોદ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે પણ પાણીનો ક્વોટા અનામત રાખવામાં આવે છે. આ તમામ આયોજન અને વર્તમાન વપરાશની ટેકનિકલ ગણતરી કરતા ડેમમાં હવે માત્ર ચાર મહિના સુધી ચાલે તેટલું જ પાણી ઉપલબ્ધ છે.



## આંબા ગામે ક્વોરીપર થાંભલા પરથી નીચે પટકાયેલા શ્રમિકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

ગોવિંદગુરુ લીમડી તાલુકાના મલવાસી ગામના નિશાળ ફળિયામાં રહેતા બાવીસ વર્ષીય વિશાલભાઈ નટુભાઈ ડામોર આંબા ગામે આવેલ પથ્થરની ક્વોરીના ઈલેક્ટ્રિક લાઈનના આડા પડી ગયેલા થાંભલા ઉપર ચડી દોરડા વડે થાંભલા બાંધી ટ્રેક્ટરથી ખેંચી સીધા કરતા હતા. તે દરમિયાન અકસ્માતે થાંભલા ઉપર ઈલેક્ટ્રીક લાઈન ચાલુ થઈ જતા શ્રમિક વિશાલભાઈ નટુભાઈ ડામોર થાંભલા ઉપરથી નીચે પટકાતા તેને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનો સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ સંબંધે મલવાસી ગામના મરણ જનાર વિશાલભાઈ ડામોરના પિતા નટુભાઈ દિતાભાઈ ડામોરે લીમડી પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા લીમડી પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

**પીપલોદ પોલીસનો સપાટો : ચોરોમાં ફફડાટ વ્યાપ્યો**

## રેલવે કેબલ ચોરીના રેકેટનો પર્દાફાશ, ૩ આરોપીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

દાહોદ જિલ્લાના પીપલોદ પોલીસે રેલવે કેબલ ચોરીના ગુનામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી ત્રણ આરોપીઓને ઝડપી પાડી અંદાજે રૂ. 9 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા તરફ વાહન ચેકિંગ ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન શંકાસ્પદ ટ્રેક્ટર-ટ્રોલીને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રોલીમાં રેલવે લાઈનમાં ઉપયોગમાં લેવાતા કાળા રંગના 93 કેબલના ટુકડા મળી આવ્યા હતા. જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં આરોપીઓ નિષ્ફળ જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ત્રણેય



આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરાયેલા રેલવેના કેબલ ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલ ટ્રેક્ટર સહિત કુલ અંદાજે રૂ. 9 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર કાર્યવાહી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પીપલોદ પોલીસની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં રેલવેની મિલકતની ચોરીનો મામલો સામે આવતા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ચોરી પાછળ કોઈ સંગઠિત નેટવર્ક કાર્યરત છે કે કેમ તેમજ અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

## દાહોદમાં વિકરાળ બનેલી પાણીની ગંભીર સમસ્યાથી રહીશો ત્રાહીમામ પોકાર્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

દાહોદ શહેર અઢળક સમસ્યાઓથી ઘેરાયેલું છે. તેથી દાહોદને સ્માર્ટ સિટી બનાવવાનું વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ સ્વપું જોયું હતું. અને તે સાકાર કરવા અઢળક ગ્રાન્ટ પણ આપી છતાંય તે સમસ્યાઓ ઠેરની ઠેર રહી છે. ત્યારે મુખ્યમંત્રી કક્ષાની મુખ્ય બે સમસ્યાઓ છે આ બે સમસ્યાઓ એવી છે કે જેનું નિરાકરણ કરવાની વાતો છેલ્લા કેટલાય વર્ષોથી થઈ રહી છે. સામાન્ય રીતે જ્યારે દાહોદની પસંદગી સ્માર્ટ સિટી માટે થઈ ત્યારે સ્માર્ટ સિટીના પ્લાનિંગમાં અથવા તો સ્માર્ટ સિટીનું પ્રથમ પ્રેઝન્ટેશન દાહોદ અનાજ મહાજનના ગ્રાઉન્ડ ઉપર થયું હતું, ત્યારે નો એવું કહેવામાં આવ્યું હતું કે, દાહોદને ૨૪ કલાક પાણી મળશે. પરંતુ ૨૪ કલાક તો ઠીક પણ દાહોદને રોજ પાણી પણ મળતું નથી. અને ચાર થી પાંચ દિવસ મા પાણી મળે છે રોજ પાણી મળવાની વાતો માત્રને માત્ર લોલીપોપ બનીને રહી જવા પામી છે. આમ તો પાણીની સમસ્યા દાહોદ માટે નવી નથી કારણકે એક સમયે પાણીની આ જ સમસ્યા વિકરાળ બની હતી ત્યારે દાહોદ સ્માર્ટ સિટી બનશે અને નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બનશે અને દાહોદનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરશે તેવું સ્વપું કોઈપણ દાહોદવાસીએ જોયું નહોતું ત્યારે આ જ પાણીની વિકરાળ સમસ્યા હતી ત્યારે પાણી લાવો સંઘર્ષ સમિતિને નામે એક સમિતિ બની અને પાણીની આ સમસ્યાના નિરાકરણ માટે એક જન આંદોલન શરૂ થયું હતું. પણ જેમ આઝાદી ની લડાઈ વખતે તે લડાઈને નિષ્ફળ બનાવવા કેટલાક અમીચંદો એ મુખ્ય ભાગ ભજવ્યો હતો તેમ પાણી લાવો સંઘર્ષ સમિતિ દ્વારા શરૂ કરવામાં આવેલ જન આંદોલન પણ કેટલાક અમીચંદોને કારણે નબળું પડયું. તેમ છતાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ખબર પડી કે દાહોદમાં પીવાના પાણીની કડાણાનું પાણી લાવી અને શહેર ની આ વિકરાળ સમસ્યા માંથી છૂટકારો મેળવવા માટે તેમણે ૧૨૮ કરોડની માતબર રકમ ફાળવી દાહોદને અલાયદી પીવાના પાણીની યોજના માટે જોગવાઈ કરી ૮૦ કિલોમીટર દૂરથી પાણી મળે અથવા તો પૂરતું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવાની જોગવાઈ કરી અને જેટલી સમય મર્યાદા હતી તેના થોડા ઘણા અંતરે આખી યોજના પૂર્ણ થઈ. અને સદનસીબે તે મુખ્યમંત્રી દેશના વડાપ્રધાન બન્યા અને ગુજરાતમાં આનંદીબેન પટેલનું શાસન આવ્યું. અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કડાણા યોજનાનું દાહોદ માટે લોકાર્પણ કર્યું. ત્યારે એવું કહેવાતું હતું કે હવે દાહોદને પેટ ભરીને પાણી મળશે. જે આજદિન સુધી શક્ય બન્યુ નથી જેથી યોગ્ય કાર્યવાહી કરી સાનુકુળ સ્થિત સ્થાપવા લોકમાંગ ઉઠી છે.

## સરસવાણી ગામ પાસે માર્ગ અકસ્માતમાં એકનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

પ્રાપ્ત વિગત અનુસાર એક અજાણ્યો વાહન ચાલક ગઈકાલે મોડી રાતના બે વાગ્યાના સુમારે તેનું વાહન પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કલજીની સરસવાણી ગામે સંતરામપુર રોડ પર સામેથી આવતી ઝાલોદ તાલુકાના શંકરપુરા ગામના આશ્રમ ફળિયામાં રહેતા કનુભાઈ બચુભાઈ ડામોર ની ઈક્કો ફોરવીલ ગાડીને જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઈક્કો ગાડીના ચાલક શંકરપુરા ગામના કનુભાઈ બચુભાઈ ડામોર ને શરીરે, માથાના ભાગે તથા હાથે-પગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પરિવારને કરવામાં આવી છે.

**દાહોદમાં વિકરાળ બનેલી પાણીની સમસ્યાથી રહીશો ત્રાહીમામ**

## સિંગવડ PM આવાસ સર્વેમાં તંત્રની મિલીભગતનો આક્ષેપ, ગરીબો લાભાર્થીઓને કોઈ લાભ નહિ

**ઉચ્ચ અધિકારીઓની** રહેમ નજર હેઠળ મોટુ કૌભાંડ ચાલતુ હોવાની ગામલોકોમાં ચર્ચા

(પ્રતિનિધિ) સિંગવડ, તા.29

કાચા મકાન, ઝૂંપડામાં રહેતા અને ખરેખર જરૂરિયાતમંદ ગરીબ પરિવારો યાદીમાંથી બાકાત રહી ગયા છે. જ્યારે જેમના પાકા મકાનો છે અને આર્થિક રીતે સધ્ધર છે તેવા લોકોને આવાસ યોજનાનો લાભ આપી દેવામાં આવ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જે લાભાર્થીઓને અગાઉ બે-બે, ત્રણ-ત્રણ વખત આવાસનો લાભ મળી ચૂક્યો છે, તેમને તંત્રની મિલીભગતથી આ વખતે પણ ફરીથી લાભાર્થી તરીકે સમાવી લેવામાં આવ્યા છે.

ગ્રામજનોનું કહેવું છે કે "વારંવાર એક જ વ્યક્તિને લાભ મળતો રહે અને સાચો ગરીબ વંચિત રહી જાય એ તંત્રની મિલીભગત વગર શક્ય નથી. સ્થળ તપાસ કર્યા વગર, ગરીબની ઝૂંપડી જોયા વગર જ યાદી તૈયાર થઈ જાય છે. અધિકારીઓની રહેમ નજર હેઠળ જ આખું કૌભાંડ ચાલે છે જ્યારે અમુક ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પણ અરજી આપીને તેની ચોક્કસ તપાસ કરવા જાણ કરી છે જ્યારે સરકાર દ્વારા નક્કી કરવામાં આવી છે કે જેને પાકું મકાન ફોરવીલર ગાડી અને નોકરી કરતા હોય જેવા અનેક નિયમો બનાવવામાં આવ્યા છે તે નિયમોમાં આવતા હોય તેમને આનો લાભ મળી શકે તેમ નથી છતાં આ વખતે જે સર્વેમાં પ્રધાનમંત્રી આવાસ આવ્યા છે તેમાં મોટાભાગના આ તમામ પ્રકારના સુવિધા ધરાવતા લોકો છે તેમને આનો લાભ મળ્યો છે જ્યારે જેમને કાચા મકાન છે તેમને આનો લાભ મળ્યો જ નથી ખરેખર આ સર્વે બહુ લાંબા સમય પછી આવ્યો છે અને તેમાં પણ આવા છબરડા હોય તો આ ગરીબ લોકોને તેમના હકનું મકાન ક્યારે મળશે તે એક જોવાનું રહ્યું ખરેખર આ સર્વે ફરીથી કરીને જે ખરેખર ગરીબ લોકો છે અને જે કાચા મકાનમાં રહે છે તેમને મળશે ખરી તે એક ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

**કારમાંથી મળેલા દસ્તાવેજોના આધારે યુવકની ઓળખ**

## ખાખરીયા કેનાલ પાસે કાર મળી, પોલીસે તમામ દિશામાં તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

સાવલી તાલુકાના ખાખરીયા ગામની સીમમાં આવેલી કેનાલ પાસે બિનવારસી હાલતમાં એક કાર મળી આવતા ચકચાર મચી ગઈ હતી. કાર ચાલકે કેનાલમાં ઝંપલાવ્યું હોવાની આશંકાના આધારે પોલીસ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ખાખરીયા ગામની સીમમાં કેનાલ નજીક જીજે-06-પીએફ-1064 નંબરની કાર લાંબા સમયથી લાવારિસ હાલતમાં ઉભી હોવાનું સ્થાનિકોએ ધ્યાનમાં આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં સાવલી પોલીસ તાત્કાલિક સ્થળ પર



પહોંચી હતી અને કારની તપાસ હાથ ધરી હતી. કારમાંથી મળેલા કુરિયર દસ્તાવેજોના આધારે ગુમ થયેલા યુવકની ઓળખ સૈયદ અલેરશુલ મુસ્તાક અલી, રહે. જી-602, છઠ્ઠો માળ, જૂમેર પાર્ક, શુભમ પાર્ટી પ્લોટ સામે, તાંદલજા, વડોદરા તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તપાસમાં યુવકે કેનાલમાં ઝંપલાવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આથી પોલીસ દ્વારા સ્થાનિક તરવૈયાઓ તેમજ સંબંધિત વિભાગની મદદથી કેનાલમાં શોધખોળ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ યુવકના પરિવારજનોને પણ ઘટનાની જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પોલીસે કારને કબજે લઈને ફોરેન્સિક તેમજ અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે, જેથી યુવક છેલ્લે ક્યારે અને કેવી પરિસ્થિતિમાં ત્યાં પહોંચ્યો હતો તે અંગે માહિતી મળી શકે. હાલ યુવકનો કોઈ પત્તો લાગ્યો નથી.

**ખરસાલીયા રેલવે સ્ટેશન પાસે બનીયાનધારી ગેંગનો આતંક**

## નર્સરી ફાર્મમાં ચાંદીના ઘરેણા અને રોકડ સહિતની ચોરીથી ફફડાટ

(પ્રતિનિધિ) કાલોલ, તા.29

કાલોલના ખરસાલીયા રેલવે સ્ટેશન બ્રિજ પાસે આવેલ પ્રણામી નર્સરી ધરૂ ફાર્મ ઉપર નર્સરીમાં તેમજ નર્સરી ની સાચવણી કરવા માટે ચાર ઈસમો રહેતા હતા તેઓના મકાન માં તા 25/6/2026 ના રોજ રાત્રી ના 2 વાગ્યાના અરસામાં ચડ્ડી બનીયાન ધારી ગેંગ તાટકી હતી અને ચાંદી ની પાંચ રકમ અને 1400 રૂપિયા રોકડા તેમજ નર્સરી ના ડ્રોવર ગલ્લા માં થેલા માં વકરાના ધંધાના મુકેલ વીસ હજાર રોકડ રકમ ની અજાણ્યા ચડ્ડી બનીયાન ધારી ગેંગ તાટકીને ચોરી ને અંજામ આપ્યો હતો અને ચાંદીની રકમ સહિત રોકડ ની ચોરી કરી ફરાર થયા હતા ચડ્ડી ધારી ગેંગ ના પાંચ ચોરો રાત્રીના સમયે ચોરી કરવા



આવેલા ચોરો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા અને ચડ્ડી બનીયાન ધારી ગેંગ ચાંદીના ઘરેણાં રોકડ રકમ સહિત ની ચોરી કરતા અને સીસીટીવી કેમેરામાં કેદ થતા વેજલપુર સહિત આજુબાજુ ના ગામોમાં ચડ્ડી બનીયાન ગેંગ થી લોકોમાં ફફડાટ ફેલાયો છે પ્રણામી નર્સરી ધરૂ ફાર્મના માલીક દ્વારા વેજલપુર પોલીસ મથકે લેખિત ફરિયાદ કરતા વેજલપુર પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**મધ્યપ્રદેશથી પરત ફરતી માહિતી વિભાગની ટીમને અકસ્માત નડ્યો**

## કતવારા નજીક બસ પલટી જતા ૮ ઘાયલ, તમામ સારવાર હેઠળ

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

મધ્યપ્રદેશના ભોપાલ ખાતે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં કવરેજ પૂર્ણ કરીને અમદાવાદ પરત ફરી રહેલી માહિતી વિભાગની ટીમને દાહોદ જિલ્લાના કતવારા નજીક હાઈવે પર અકસ્માત નડ્યો હતો. ટીમને લઈ આવતી બસ અચાનક પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ફોટોગ્રાફર સહિત કુલ આઠ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. માહિતી મુજબ, 22 સભ્યોની ટીમ ભોપાલમાં યોજાયેલા મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ભાગ લઈને અમદાવાદ તરફ પરત ફરી રહી હતી. દરમિયાન કતવારા





નજીક હાઈવે પર બસનું સંતુલન બગડતાં બસ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો અને તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યું હતું અને ઘાયલોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક પ્રભાવિત થયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિકને પુનઃવ્યવસ્થિત કરી વાહનવ્યવહાર સામાન્ય બનાવ્યો હતો. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસે ગુનો નોંધી અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે, જ્યારે ઘાયલોની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું છે.

**વર્ષો જૂની આસ્થા અને લોક પૂરંપરા આજે પણ જીવંત છે ગરબાડા પંથકમાં**

## જાંબુવામાં મેઘરાજાએ મનાવા હનુમાનજીની મૂર્તિને ગામની મહિલાઓ દ્વારા ગાયના છાણથી ઢાંકી દેવાઈ

વરસાદ આવ્યા બાદ હનુમાનજીને મૂર્તિને છાણથી મુક્ત કરવામાં આવે છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.29

જ્યારે જ્યારે વરસાદ ખેંચાય છે ત્યારે ત્યારે દાહોદ જિલ્લામાં વિવિધ સ્થળોએ વિવિધ રીતે એટલે કે ધાર્મિક વિધિ તેમજ ટોટકા દ્વારા મેઘાને રિઝવવામાં આવે છે. અને મેઘરાજાને આવવું પડે છે. જિલ્લા માં વર્ષો જૂની આસ્થા અને લોક પરંપરા એજે પણ જીવંત છે. હાલમાં ગરબાડા પંથકને છોડી દાહોદ જિલ્લામાં અનેક જગ્યાએ મેહુલિયો



વરસતા લોકોએ ખેતી કામ ચાલુ કરી દીધું છે. પરંતુ ગરબાડા પંથકમાં મેઘરાજાએ હજી એ પધરામણી ન કરતા ધરતી પુત્રોના માથે ચિંતા ના વાદળો ઘેરાયા છે. ત્યારે મેઘરાજાની વહેલી પધરામણી થાય તે માટે ગરબાડા તાલુકાના ગાંગરડા અને જાંબુવા ગામે અલગ અલગ ગામની મહિલાઓ દ્વારા અનોખી રીતે મેઘાને મનામણા કરવાની અનોખી પરંપરાને આજે પણ જાળવી રાખવામાં આવી છે. મેઘાને મનમણાનીઆ વિધિબાદ મેઘરાજાની પધરામણી થાય જ છે. જે વિધિમાં ગાંગરડા ગામને મહિલાઓ હનુમાનજી ની પ્રતિમાને ગાયના છાણથી ઢાંકી દે છે. જ્યારે મેહુલિયો વરસ્યા બાદ જાંબુવા ગામની મહિલાઓ માથે પાણીના બેડલાઓ લઈ ગીત ગરબા ગાતા જઈ હનુમાનજીની પ્રતિમાને ગરબાડાના જાંબુવા ગામના ખેડા આવેલ સ્વયંભૂ હનુમાનજીના મંદિર મેઘા મનાવવા મહિલાઓ હનુમાનજીની ખેડા વિસ્તારમાં સ્વયંભૂ રીતે પ્રગટ પ્રતિમાને સ્પર્શ પણ કરે છે. ગામના થયેલી એક હનુમાનજીની જમીનમાં અડધી દટાયેલી આઠી મૂર્તિ આવેલ છે. અને મંદિરના પટાંગણમાં ગરબા રમી હનુમાનજી ની પ્રતિમાને ગાયના છાણ થી ઢાંકી દે છે. અને ગીતો ગાય છે અને સાંજ પડે પરત પોતાના ઘરે જતી રહે છે. જોકે આ વિધિપત્યા બાદ એક કે બેદિવસમાં જ મેઘરાજાનું આગમન થઈ જતું હોય છે.

## કાલોલ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોલિયો રસીકરણ ઝુંબેશ

(પ્રતિનિધિ) કાલોલ, તા.29

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓ અને કોર્પોરેશન વિસ્તારોની જેમ કાલોલ શહેરમાં પણ ગત રોજ પોલિયો રસીકરણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત કાલોલના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (UPHC) દ્વારા '૦ થી ૫ વર્ષ' સુધીના તમામ બાળકોને પોલિયો મુક્ત કરી સુરક્ષિત કરવાનો મક્કમ સંકલ્પ કરવામાં આવ્યો હતો. ભારત દેશ સત્તાવાર રીતે પોલિયો મુક્ત થઈ ચૂક્યો છે, પરંતુ વિશ્વના કેટલાક દેશોમાં હજુ પણ પોલિયો સંપૂર્ણ નાબૂદ થયો ન હોવાથી આ રોગ ફરી વકરે નહીં તેવા હેતુથી આ તકેદારીના ભાગરૂપે વિશેષ ડ્રાઈવ યોજાઈ હતી.

## મહેલોલ ગામમાં તસ્કરોનો આતંક, ઘર અને સંસ્થાઓ સહિત ૫ જગ્યાએ તાળાં તૂટ્યા

રૂ. ૧.૯૬ લાખની ઘરફોડ ચોરીથી લોકોમાં ફફડાટ વ્યાપ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.29

પંચમહાલ જિલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશન હેઠળ આવતા મહેલોલ ગામમાં શનિવાર અને રવિવારની મધ્યરાત્રિએ અજાણ્યા તસ્કરોએ ભારે આતંક મચાવ્યો છે. ચોર ટોળકીએ ગામમાં એક સામટી ૫ જગ્યાઓને નિશાન બનાવી કુલ રૂપિયા ૧,૯૬,૬૦૦/- ના મત્તાની ઘરફોડ ચોરી કરી પલાયન થઈ જતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૩૧(૪) અને ૩૦૫ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. 1. ફરિયાદીના બંધ મકાનમાંથી રૂ. ૬૬,૬૦૦ની ચોરી મહેલોલ ગામમાં શ્રી જી.ડી. શાહ એન્ડ જે.આઈ. પંડ્યા હાઈસ્કૂલની સામે રહેતા અને હાલ કાલોલ ખાતે ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા ધર્મેશકુમાર ચીમનભાઈ પટેલ (ઉં.વ. ૪૩) ના માતા-પિતા બે દિવસથી વડોદરા ગયા હતા. તેમનું મકાન બંધ હતું. તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી, તિજોરીમાંથીઃ આશરે ૨૦ ગ્રામ સોનાની ૨ બંગડી (કિંમત રૂ. ૪૦,૦૦૦/-) સોનાની કાનની બુટ્ટીની ૬ જોડી (કિંમત રૂ. ૫,૦૦૦/-) ચાંદીની ૩ નાની ગણપતિની મૂર્તિ અને ૯ ચાંદીના સિક્કા (કિંમત રૂ. ૧,૬૦૦/-) રોકડા રૂપિયા ૨૦,૦૦૦/- ની ચોરી કરી હતી. 2. હાઈસ્કૂલ અને પાડોશીના ઘરને પણ નિશાન બનાવ્યું તસ્કરોએ માત્ર ફરિયાદીના ઘરને જ નહીં, પરંતુ તેની આસપાસની મિલકતોને પણ નિશાન બનાવી હતીઃ શ્રી જી.ડી. શાહ એન્ડ જે.આઈ. પંડ્યા હાઈસ્કૂલઃ શાળાના કોમ્પ્યુટર રૂમ તેમજ ઉપરના માળે આવેલા પ્રાર્થના હોલનું તાળું તોડવામાં આવ્યું હતું. વૈકુંઠ સોસાયટીઃ હાઈસ્કૂલની બાજુમાં આવેલી સોસાયટીમાં રહેતા સાહેદ મહેશભાઈ ડાહ્યાભાઈ પરમારના મકાનના દરવાજાનું તાળું પણ તસ્કરોએ તોડ્યું હતું. 3. બ્રહ્મા કુમારી સંસ્થા અને અન્ય મકાનમાંથી રૂ. ૧.૩૦ લાખની મત્તા સાફ,ગામના પી.એચ.સી. દવાખાનાની સામે આવેલી કૈવલ સોસાયટીમાં પણ ચોરોએ હાથફેરો કર્યો હતો.